નશ/ઘ/પેન-૩/આચાર્ય-પગાર/૨૦૨૧/ 12965 - 98

નિયામક શાળાઓની કચેરી
૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૨૭/૦૭/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા-તમામ.

**વિષય:-** બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા સીધી ભરતીના આચાર્યના પગારધોરણ બાબત.

**સંદર્ભ:-** (૧) શિક્ષણ વિભાગના તા.૧૯/૦૬/૨૦૦૪ ના ઠરાવ ક્ર.-બમશ/૧૩૨૦૦૧/૧૧૦૨/ગ
(૨) શિક્ષણ વિભાગના તા.૦૩/૧૨/૨૦૦૯ ના ઠરાવ ક્ર.-બમશ/૧૩૦૪/૧૧૩૦/ગ
(૩) શિક્ષણ વિભાગના તા.૨૯/૧૦/૨૦૧૬ ના પત્રાંક- બમશ/૧૧૧૬/૬૫૫/ગ

શ્રીમાન,

ઉપર્યુકત વિષય અન્વયે જણાવવાનું કે, બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શૈક્ષણિક કર્મચારીઓ સીધી ભરતીથી આચાર્ય તરીકે નિમણુક પામે ત્યારે તેઓની પગારબાંધણી કરવામાં નાણા વિભાગના તા.૦૫/૦૧/૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક-પીએવાય/૧૨૬૪/૪૬૭/ચ મુજબ એક ઇજાફાનો લાભ આપવા બાબતે જિલ્લા કક્ષાએ અલગ અલગ રીતે ફિકસેશન કરવામાં આવતું હોવાનું અત્રેની કચેરીના ધ્યાને આવેલ છે. જેથી પ્રસ્તુત બાબતે ભવિષ્યમાં કોર્ટમેટર કે વહીવટી પ્રશ્નો ઉપસ્થિત થવાની પરિસ્થિતિ નિવારી શકાય તથા દરેક જિલ્લામાં એકસુત્રતા જળવાઈ રહે એ હેતુથી સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઉકત સંદર્ભ-૧ અને ૨ ના ઠરાવથી થયેલ જોગવાઇઓને ધ્યાને લેતા નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે. જેને ધ્યાને લેવા વિનંતી.

શિક્ષણ વિભાગના તા.૧૯/૦૬/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક-બમશ/૧૩૨૦૦૧/૧૧૦૨/ગ ના જોગવાઈ ક્રમાંક-(૩) માં સુચવ્યા મુજબ, જે મદદનીશ શિક્ષકોએ આચાર્ય સંવર્ગનું ઉચ્ચતર પગારધોરણ મેળવેલ હોય તેવા મદદનીશ શિક્ષકો આચાર્ય તરીકે નિમણૂક પામે ત્યારે શિક્ષણ વિભાગના તા.૨૯/૧૦/૭૭ ના ઠરાવ મુજબ વૈકલ્પિક ભથ્થું રદ થતા નાણા વિભાગના તા.૦૫/૦૧/૬૫ ના ઠરાવ મુજબ એક ઇજાફો આપી શકાશે નહીં પરંતુ જે તે પગાર મેળવતા હોય તે જ પગાર અને પગારધોરણ આચાર્ય તરીકે નિમણૂક થાય ત્યારે મળવાપાત્ર થશે.

વધુમાં શિક્ષણ વિભાગના તા.૦૩/૧૨/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક-બમશ/૧૩૦૪/૧૧૩૦/ગ થી કોઇ પણ મદદનીશ શિક્ષક ઉચ્ચતર પગારધોરણ મેળવી આચાર્યના પગારધોરણ કે તેનાથી વધારે પગારધોરણ મેળવતા હોય અને સીધી ભરતીથી આચાર્ય તરીકે નિમણુક મેળવે એટલે કે ઉંચા પગારમાંથી નીચા કે સમાન પગારધોરણમાં નિમણુક થાય ત્યારે ખાસ કિસ્સામાં પગાર અને પગારધોરણના રક્ષણનો લાભ આપવા તથા આ ઠરાવ મુજબ પગાર

અને પગારધોરણનું રક્ષણ મેળવતા આચાર્યોને નાણા વિભાગના તા.૦૫/૦૧/૬૫ અન્વયે એક ઇજાફાનો લાભ મળવાપાત્ર નથી એમ ઠરાવેલ છે.

બાકીના કિસ્સામાં શિક્ષણ વિભાગના તા.૧૯/૦૬/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક-ગમશ/૧૩૨૦૦૧/૧૧૦૨/ગ થી થયેલ જોગવાઇઓ મુજબ નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવી.

બીડાણ:- સંદર્ભદર્શિત પત્ર તથા ઠરાવ

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક(માધ્યમિક)
ગુ.રા. ગાંધીનગર.